## ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજીનાં ત્રણ મહિનાનાં પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે રૂબરૂ મુલાકાત

## (કાઉન્સેલીંગ)

કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો-એનર્જી, આણંદ ખાતે તા.૦૧/૨/૨૦૧૯ થી શરૂ થનારા "ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી" તાલીમ માટે ઉમેદવારોએ કરેલ અરજીના અનુસંધાને તેમને સ્વખર્ચે રૂબરૂ મુલાકાત માટે નીચે જણાવેલ સ્થળ, સમય અને તારીખે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**તારીખ: ૩૧/૧/૨૦૧૯, ગુરૂવાર** **સમય: બપોરે ૦૩:૩૦ કલાકે**

**સ્થળ:** કોન્ફરન્સ રૂમ, કોલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી, આણંદ કૃષિ યુનિવર્સિટી, (ખેતીવાડી), આણંદ

રૂબરૂ મુલાકાતના દિવસે નીચે જણાવેલ શૈક્ષણિક લાયકાત તથા અન્ય પૈકી લાગુ પડતા અસલ પ્રમાણપત્રો /દસ્તાવેજો અચુક સાથે લાવવાનાં રહેશે.

૧. એસ.એસ.સી. (ધો-૧૦) ની માર્કશીટ (તમામ ટ્રાયલની માર્કશીટ)
૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)
૩. અનુસૂચિત જાતિ/અનુસૂચિત જન જાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછતવર્ગ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર
૪. ઉન્નતવર્ગમાં સમાવિષ્ઠ નથી(નોન ક્રીમીલેયર) પ્રમાણપત્ર (નિયત સમમર્યાદાવાળુ)
૫. દિવ્યાંગતા અંગે સિવિલ હોસ્પીટલના અધિકારીશ્રીનું પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો)
૬. એસ.એસ.સી પરીક્ષા ગુજરાત રાજ્ય સ્થિત શાળામાંથી આપેલ છે તેવો આધાર/પુરાવો (જરૂર હોય તો)

રૂબરૂ મુલાકાત અને પ્રવેશ અંગે પસંદગી સમિતિનો નિર્ણય દરેક ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

**રૂબરૂ મુલાકાતના દિવસે પ્રવેશ માટેની પસંદગી થયેથી તુરત જ નીચેના દસ્તાવેજો/ફી જમા કરાવવાના રહેશે માટે તે સાથે લઈને આવવું.**

- ફી પેટે રૂ|. ૨૧૩૦/- (રૂપિયા બે હજાર એક સો ત્રીસ પૂરા )
- પાસપોર્ટ સાઈઝના ફોટા

મુલાકાતમાં હાજર નહિ રહેનાર અથવા ફી નહિ ભરનાર ઉમેદવારનો પ્રવેશ આપોઆપ રદ થશે.

પ્રવેશ મેળવનારે તા.૦૧/૨/૨૦૧૯ ના રોજ સવારે ૦૯.૦૦ વાગ્યે હાજર થવાનું રહેશે.